ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૪ | ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨, બુધવાર; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઠંડીનો પ્રકોપ

## પારો ત્રણથી પાંચ ડિગ્રી ગગડી શકે છે, દિલ્હી, હરિયાણા, પંજાબ, યુપી, રાજસ્થાન, ગુજરાતમાં ઠંડી અનુભવાશે

નવી દિલ્હી, તા.૨૫

ઉત્તર પશ્ચિમ ભારતમાં આખુ અઠવાડિયું કોલ્ડ વેવ જારી રહેશે તેમ ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે. તેના લીધે ઉત્તર-પશ્ચિમ અને મધ્યમ ભારતમાં આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન બીજા ત્રણથી પાંચ ડિગ્રી ગગડી શકે છે. આના લીધે આગામી દિવસોમાં દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતમાં ગાત્રો ધ્રુજાવતી ઠંડી અનુભવાઈ શકે છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત આગામી દિવસોમાં ઠંડીનો પ્રહાર સહન કરવા તૈયાર રહે. લઘુત્તમ તાપમાન દસ ડિગ્રીથી અને મહત્તમ તાપમાન ૪.૫ ડિગ્રીથી પણ વધારે નીચું હોય ત્યારે ગાત્રો ગાળતી ઠંડી જોવા મળે છે. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી થઈ જાય અથવા તો તે સરેરાશ તાપમાન કરતા ૬.૪ ડિગ્રી જેટલું ઓછું હોય ત્યારે આત્યંતિક ઠંડી જોવા મળે છે. ધુમ્મસના લીધે વિઝિબિલિટી શૂન્યથી ૫૦ મીટરની થાય તો તેને અત્યંત તીવ્ર ધુમ્મસ કહેવાય છે, ૫૧થી ૨૦૦ મીટર હોય તો તેને ગાઢ ધુમ્મસ કહેવાય છે, ૨૦૧થી ૫૦૦ મીટર હોય તો તેને સામાન્ય ધુમ્મસ કહેવાય છે તથા ૫૦૧થી ૧૦૦૦ મીટરની વચ્ચે હોય તેને હળવુ ધુમ્મસ કહેવાય છે.



કાશ્મીરના કેટલાય હિસ્સામાં ગુલમર્ગ સિવાયના વિસ્તારોમાં તાપમાન સરેરાશ કરતાં વધારે હતું. સાઉથ કાશ્મીરમાં ખીણના કેટલાક વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા જોવા મળી છે. પ્રવાસન્ સ્થળ પહલગામમાં પાંચ ઈંચ જેટલો બરફ પડયો હતો, જ્યારે કોકનબર્ગમાં બે ઈંચ બરફ પડયો હતો. આ ઉપરાંત સોનમર્ગ સહિત ખીણના કેટલાક ઉપલા વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ છે. રવિવારે રાત્રે મોટાભાગના સ્થળોએ તાપમાન નીચે ઉતર્યુ હતું. શ્રીનગરમાં તાપમાન અગાઉની રાત્રિના ૦.૪ ડિગ્રીથી વધીને ૨.૮ ડિગ્રી થયું હતું. ગુલમર્ગમાં તાપમાન માઈનસ છ ડિગ્રીથી ઘટીને માઈનસ નવ ડિગ્રી થયું હતું.પહલગામમાં તાપમાન માઈનસ ૦.૮ ડિગ્રીથી ઘટીને માઈનસ ૧.૮ ડિગ્રી થયું હતું. કોકનબર્ગમાં તાપમાન માઈનસ બે ડિગ્રી હતું. જ્યારે કાઝીગુંદમાં લઘુત્તમ તાપમાન ૦.૨ ડિગ્રી હતું. રાજસ્થાનના કેટલાય વિસ્તારોમાં તાપમાનનો પારો નીચે ઉતર્યો છે. ૩.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ચિત્તોડગઢ સૌથી ઠંડુ સ્થળ હતું. કરૌલીમાં રાત્રે ૩.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. સિકર અને ભીલવારાએ કમસેકમ ચાર ડિગ્રી તાપમાન નોંધાવ્યું હતું. ફતેહપુર અને અંટામાં રાત્રિ તાપમાન ૪.૪ ડિગ્રી હતું. દાભોકમાં ૪.૬ ડિગ્રી, નાગૌરમાં


અનુસંધાન પાના નં.૭ પર

# લોકસંત સ્વામી સચ્ચિદાનંદજીને પદ્મભૂષણ

**જે.એમ. વ્યાસ, સવજીભાઈ ધોળકીયા, ખલેલ ધનતેજવી, માલજીભાઈ દેસાઈ, ડો. લતા દેસાઈ અને શ્રીમતી રમીલાબેન ગામીતને પદ્મશ્રી સન્માનની જાહેરાત**

ગાંધીનગર, તા. ૨૫

ભારતના ૭૩મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ પદ્મ પારિતોષિકોની જાહેરાત કરવામાં આવી હતી જે અંતર્ગત ગુજરાતના સુપ્રસિદ્ધ સંત અને સાહિત્યકાર



સ્વામી સચ્ચિદાનંદની પદ્મ ભૂષણ સન્માન માટે પસંદગી કરવામાં આવી છે. આ સાથે અન્ય ૬ ગુજરાતીઓની પદ્મશ્રી સન્માન માટે પસંદગી કરવામાં આવી છે. સ્વામી સચ્ચિદાનંદને સાહિત્ય અને શિક્ષણ કેટેગરીમાં પદ્મભૂષણ એવોર્ડથી નવાજવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ સુધારાવાદી વિચારધારા ધરાવતા સંત તરીકે ઓળખાય છે અને તેમણે આધ્યાત્મ ઉપરાંત સમાજ વ્યવસ્થા સહિતના વિષયો પર અનેક પુસ્તકો લખ્યાં છે. આ સાથે જે છ ગુજરાતીઓને પદ્મશ્રી એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યાં છે તેમાં મેડીસિન ક્ષેત્રે ડૉ. લતા દેસાઈ, જાહેર બાબતો ક્ષેત્રે માલજીભાઈ દેસાઈ, સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે ખલિલ ધનતેજવી, સામાજિક કાર્યો માટે સવજીભાઈ ધોળકિયા, વિજ્ઞાન અને ઈજનેરી ક્ષેત્રે જયંતકુમાર મગનલાલ વ્યાસ અને સામાજિક કાર્યો માટે કુ. રમીલાબેન રાયસિંગભાઈ ગામીતની પસંદગી કરવામાં આવી છે.

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬-૧-૨૦૨૨ને બુધવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૨૨ને ગુરુવારનો અંક પ્રગટ થશે નહિં. જેની વાંચક, વિતરક અને વિજ્ઞાપનદાતા પરિવારોને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# યુપી કોંગ્રેસના કદાવર નેતા આરપીએન સિંહનું રાજીનામું

લખનૌ , તા.૨૫

વિધાનસભા ચૂંટણી પહેલા નેતાઓ, વિધાયકોના પાર્ટી બદલવાનો દૌર ચાલુ છે. ઉત્તર પ્રદેશમાં અનેક મોટા નેતાઓ પક્ષપલટો કરીને બીજી પાર્ટીઓમાં જોડાઈ રહ્યા છે. આ જ કડીમાં યુપીમાં કોંગ્રેસના કદાવર નેતા ગણાતા આરપીએન સિંહનું નામ સામે આવી રહ્યું છે. કહેવાય છે કે તેઓ આજે ભાજપમાં જોડાઈ શકે છે. તેમણે પોતાનું રાજીનામું અધ્યક્ષ સોનિયા ગાંધીને મોકલી આપ્યું છે. આરપીએન સિંહ યુપીના કુશીનગર જિલ્લાના રહીશ છે. તેઓ યુપીએ સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. ચોંકાવનારી વાત એ છે કે યુપી ચૂંટણી માટે તેમનું નામ કોંગ્રેસના સ્ટાર પ્રચારકોમાં સામેલ હતું. તેઓ પડરૌના વિધાનસભા બેઠકથી કોંગ્રેસ પાર્ટી તરફથી ૧૯૯૬, ૨૦૦૨, અને ૨૦૦૭માં વિધાયક પણ રહી ચૂક્યા છે. તેમણે ૪ વાર લોકસભા



ચૂંટણી પણ લડી પરંતુ ૨૦૦૯ની ચૂંટણીમાં કુશીનગર સંસદીય વિસ્તારમાંથી જીત્યા અને યુપીએ ૨ની સરકારમાં કેન્દ્રીય રાજ્યમંત્રી બન્યા. જો કે ત્યારબાદ તેમણે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સામે હારનો સામનો કરવો પડ્યો. એવું કહેવાય છે કે ભાજપમાં સામેલ થયા બાદ આરપીએન સિંહ પડરૌનાથી ચૂંટણી લડી શકે છે. તેઓ ઝારખંડમાં કોંગ્રેસના પ્રભારી પણ રહ્યા છે. જ્યારે યુપી યુથ કોંગ્રેસના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

